# કેફિયત

સુરેશભાઈની હયાતીમાં એમના નિબંધો વિશે અભ્યાસ કરવાનું નક્કી કરેલું. નિબંધોના વાચનની પુનરાવૃત્તિઓ ચાલતી હતી ત્યારે જ સુરેશભાઈનું અચાનક નિધન થયું. એ દરમિયાન મારે ઈડર છોડવાના સંજોગો ઊભા થયા. મારે માટે આ સંવેદનશીલ વખત હતો. વલ્લભવિદ્યાનગરમાં ગોઠવાઈ જવાનું જરૂરી હતું. નવા પરિવેશને અનુકૂળ થતાં/બનાવતાં મને સમય જોઈએ, લાંબો મુકામ કરવાનો હોય ત્યારે તો ખાસ. મન માને નહીં ત્યાં લગી તો હું કશું લખી ન શકું. હું મારામાં (સ્વસ્થ) હોઉં એ અનિવાર્ય શરત મારા લેખનની. આથી પણ આ અભ્યાસ થોડો વિલંબાયો. સુરેશભાઈના દ્વિતીય નિર્વાણ-દિને આ પુસ્તક પ્રગટ થાય છે એ જોગાનુજોગ છે. આ ક્ષણે પ્રસન્નતા અને ખિન્નતાને અલગ પાડી શકતો નથી.

સુરેશભાઈને બેએક વાર મળવાનું થયેલું, એય અલપઝલપ. મારા પીએચ. ડી.ની પદવી માટેના શોધનિબંધના એ પરીક્ષક નિમાયેલા. એમને ગુજરાતી-અંગ્રેજી બંનેમાં, સાહિત્ય અને અન્ય કળાઓ તથા સાંપ્રત સંદર્ભે બોલતાં સાંભળવાના થોડા અવસરો મળેલા. ૧૯૭૪માં ‘ઊહાપોહ’માં એમણે મારો પ્રથમ ઊહાપોહ-લેખ પ્રકટ કરેલો; પછીના વર્ષોમાં એતદ્ અને આયુષ્યમાં એમણે મારાં દીર્ઘ કાવ્યો પ્રગટ કરેલાં. આ સિલસિલો તૂટક તૂટક આગળ ચાલેલોય ખરો. પણ સુરેશ જોષી સાથેનો મારા સમ્પર્ક નહીંવત્ ગણાય. હું એમને જે કંઈ જાણું છું તે એમનાં સર્જનો-વિવેચનો વડે. આ ગ્રંથનું નિમિત્ત ગણવું હોય તો તે મારો નિબંધરસ છે. એમની કવિતા અને કથાસાહિત્યમાં પણ મને રસ પડેલો. હું તો ઇચ્છું કે એ દરેકનો અલગ અલગ અભ્યાસ થાય. એક તરફ આવાં મૂલ્યાંકનોની આજે જરૂર છે; તો બીજી તરફ નવાંસાહિત્યપ્રવાહોથી વિમુખ થતા જતા સૌ કાઈને, આસ્વાદ-પ્રધાન મૂલ્યાંકન માટેની ભૂમિકા રચીને સાંપ્રત સાહિત્યસર્જનના વિશેષો તરફ વાળવાની અનિવાર્યતા છે. આમાંથી સર્જનની નૂતન આબોહવા રચાઈ આવે એમ બને.

કશીય મહત્ત્વાકાંક્ષા વગર થયેલો આ અભ્યાસ છે. મારામાં રહેલો ભાવક અહીં વધારે સક્રિય રહ્યો છે – મારી ઉપરવટ થઈનેય તે. તેમ છતાં સમીક્ષા-ચુસ્તી જાળવવાનો મારો પ્રયત્ન રહ્યો છે. સુરેશભાઈ વિશે અનેક વિવાદો ચાલતા રહેલા, આજેય ચાલે છે. એને જાણ્યા છે પણ વચ્ચે આણ્યા નથી. આપણા વિવેચનમાં 'વાદ-વાદી' વલણોનું જોર છે. મેં એવા કોઈ 'વાદ'ને કે નિબંધ-સંદર્ભે ગદ્યના વિશેષ 'મોડને' સ્વીકારીને કામ નથી કર્યું. એનાથી વિવેચનને શાસ્ત્રીયતાનો લાભ મળી શકત એમ જાણવા છતાં મારા મનમાં રહેલું આસ્વાદતરફી વલણ વધારે ઊપસે એ માટે હું કૃતિને બને એટલી વધુ કેન્દ્રિત કરીને ચાલ્યો છું. સર્જકના સંદર્ભોથી પણ નિબંધોના વિશ્વને ઉકેલવા તત્પર રહ્યો છું.

સામગ્રીલક્ષી વિભાગીકરણ અભ્યાસને વિશદ બનાવવા માટે અને આસ્વાદ મૂલ્યાંકનની સરળતા માટે કર્યું છે. સુરેશભાઈની સંવેદનશીલતાને તેમ જ વસ્તુલક્ષિતાને આ રીતે સમજાવવામાં સુગમતા રહી છે. એમના નિબંધોમાં પ્રગટતી રૂપનિષ્ઠાને, એવાં વલણોને દર્શાવીને કે ચર્ચીને, તો વળી એમના જીવનચિંતનને ઉજાગર કરતા નિબંધોને ઊપસાવી આપીને અભ્યાસને સંતુલિત કરવાનો આગ્રહ રાખ્યો છે. જીવનવાદી સુરેશભાઈનો પરિચય આ રીતે પહેલી વાર વિસ્તારપૂર્વક થતો હોવાનો મારો નમ્ર ખ્યાલ છે.

નિબંધો સાથેની પૂરી સંડોવણીથી લખવા જતાં પડ/પરિમાણોને ઓળખવાનું બન્યું છે. કોઈને આ સંડોવણીથી પક્ષપાત જેવી મર્યાદા પ્રવેશ્યાનું ન લાગે એ વિશે સભાનતા રાખી છે. આખેઆખા નિબંધો લઈને વિશ્લેષણ કરવાનું કે અનેક ભાષાભાતો વિશે સદૃષ્ટાંત પૃથક્કરણો કરવાનું પુસ્તકના કદને ધ્યાનમાં રાખવાથી ઓછું બન્યું છે. તોય ઘણાં ઉદાહરણોથી તપાસને બને એટલી સર્વાંગીણતામાં લઈ જવાનું બન્યું છે એમ દેખાશે. લાગે છે કે સુરેશભાઈના નિબંધો વિવિધ અભિગમોથી તપાસાય એવી એમાં ઘણી ગુંજાશ છે. મને સમયમાં શ્રદ્ધા છે.

નિબંધ સંદર્ભે કશી ઇતિહાસદૃષ્ટિ રાખી નથી એટલે સુરેશભાઈના નિબંધોમાં સીધો જ પ્રવેશ કર્યો છે. સુરેશભાઈના નિબંધો વિશેની પુરોગામીઓની સમીક્ષાઓ કોઈ એક બે અપવાદ સિવાય મારી તપાસમાં મેં લીધી નથી. મને એ આ પુસ્તક માટે જરૂરી લાગ્યું નથી. મારો આ સ્વાધ્યાય વાંચનારને એમાં મારાં

નિરીક્ષણો જરૂર મળશે. ક્યારેક એ નિરીક્ષણો વધારે કેન્દ્રિત કરી શકાશે, એવી આશા છે. વિવેચન કદી 'સમ-પૂર્ણ' હોતું નથી, એમ કહેવાની જરૂર છે ખરી?

વલ્લભવિદ્યાનગરમાં વિદ્યાકીય વાતાવરણ છે, એમ સાહિત્યિક ચર્ચાઓ/વિવાદો માટે મોકળાશવાળી આબોહવા પણ છે. અહીંના ગુજરાતી વિભાગના મુરબ્બીઓ-મિત્રો તો છે જ, એ ઉપરાંત સાહિત્ય સાથે સંકળાયેલા ઘણા સજાગ મિત્રો અહીંથી લઈને આણંદ સુધી પથરાયેલા છે. સૌ વ્યવહારમાં સ્નેહહૂંફ અને કાળજીના જીવ છે. સાહિત્યચર્ચામાંય સૌ સૌની સ્પષ્ટ ભૂમિકાઓ અને તટસ્થ પ્રતિભાવો હોય છે. એ પછીની નિઃસ્પૃહાઓ પણ ધ્યાનમાં લેવા જેવી છે. તપ કરનારને માટે અહીં પોતા વિશે તક છે. આ અભ્યાસ અહીંના વાતાવરણનું પણ બળ પામ્યો હશે. આ સંદર્ભે સૌ મિત્રોનું સ્મરણ મને પ્રસન્ન કરે છે.

વલ્લભવિદ્યાનગર **– મણિલાલ હ. પટેલ**

૬-૯-૧૯૮૮

સુરેશ જોષીના નિબંધો એમના સાહિત્યસર્જનમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. નિબંધ એ સુરેશભાઈનું પ્રિયતમ સાહિત્યસ્વરૂપ રહ્યું છે. એમની સર્જકચેતના એમના સર્જકનિબંધોમાં લીલયા અને ઘણી મોકળાશપૂર્વક વિહરી-વિલસી છે. એમની વ્યક્તિમત્તાનાં અનેક પરિમાણો એ નિબંધોમાં ઊઘડી આવેલાં છે. રૂપવાદી રહીને આ નિબંધો વસ્તુવાદી બનવા તાકતા રહ્યા છે. આ બંને વાનાંની એમાં સારી માવજત છે. નિબંધલેખન સુરેશ જોષી માટે વિચાર-અભિવ્યક્તિનું માધ્યમ માત્ર બની રહેતું નથી, એમણે એવું તાક્યુંય નથી. એ તો એમની વ્યક્તિપ્રતિભા અને સિસૃક્ષાસભર સર્ગશક્તિને પ્રગટાવતું મહત્તમ રૂપ છે. નિબંધ એ આરંભથી જ કશું ટેકણુ કે ખીંટી માત્ર ન બની રહે એવી એમની કાળજી રહેલી છે. અહીં સર્જકનિબંધ પૂરા લાલિત્ય સાથે વિકસે-ઊકલે છે, કેમ કે એનું કેન્દ્ર લેખકની અંદર-ચેતના અને પ્રજ્ઞાના પ્રદેશોમાં પડેલું છે. ચોતરફનો પ્રાકૃતિક અને માનવજીવનલક્ષી પરિવેશ આવા નિબંધોમાં ઇન્દ્રિય પ્રત્યક્ષ અનુભવરૂપે શબ્દરૂપ પામે છે, કહો કે ડાળીને ફૂલ આવે એમ અહીં સર્જકનિબંધ નિજમાંથી પ્રગટે છે, ખીલે છે. મહદંશે આ અનુભવ આરંભના નિબંધસંગ્રહોમાં થાય છે. નિબંધ સુરેશ જોષી માટે આંતરિક અનિવાર્યતા અને સ્વભાવ, સર્જકસ્વભાવ બની જાય છે. સંવેદનજગત, વિચાર-ચિંતન, વૈયક્તિક ખ્યાલો-વલણો ઇત્યાદિને નવતા અને તાજગીસભર બનાવીને કલ્પનનિષ્ઠ અભિવ્યક્તિમાં રચાતા આવતા આ નિબંધોનું કાવ્યાભિમુખ ગદ્ય પણ આસ્વાદ અને અભ્યાસનો વિષય બને છે.

આ સદીના પાંચમા દાયકાના પ્રારંભે સુરેશ જોષીએ ગદ્યલેખનનો આરંભ કરેલો. ૧૯૪૮ના ફેબ્રુઆરીના આરંભે ગાંધીજીને અંજલિ આપતો ‘દીપનિર્વાણ’ નામે લેખ એમણે કરેલો, જે એ જ માસના ‘વાણી’ના અંકમાં પ્રગટ થયેલો. સુરેશ જોષીનો આ લેખ એમના આવનારા નિબંધોની આગાહીરૂપ ગણાવો ઘટે. અલબત્ત, ૧૯૫૫–૫૬માં એ જુદા જ પ્રકારની બે નિબંધરચનાઓ રચે છે. ‘કિંચિત્’ (૧૯૬૦)માં વિવેચનો ઉપરાંત નિબંધોનો એક ગુચ્છ એમણે

પ્રગટ કરેલો. એણે વિવેચકોનું અને સાહિત્યરસિકોનું સારું ધ્યાન ખેંચેલું. આ રચનાઓમાં લલિતનિબંધનો સ્પષ્ટ નિખાર છે. પછી તો સુરેશ જોષી પ્રકૃતિ અને સંસ્કૃતિ, સંવેદન અને માનવજીવનને વર્ણવતા ચેતનાપ્રવણ અને ચિંતનપ્રણિત સર્જકનિબંધો આપવા માંડે છે. 'કિચિંત્'માં પ્રગટેલા નિબંધગુચ્છને સમાવી લેતો, એમના એ દરમિયાનના નિબંધોને પહેલી વાર ગ્રંથસ્વરૂપે મૂકતો 'જનાન્તિકે' (૧૯૬૫) સંગ્રહ પ્રગટ થતાં જ ગુજરાતી નિબંધનો ચહેરો-મહોરો બદલાઈ ગયો હતો. આ નિબંધોનાં વિવિધ પરિમાણોએ સર્જક સુરેશ જોષીનો જે પરિચય આપ્યો હતો એ પછીનાં વર્ષોમાં વધુ બળવત્તર અને સ્પૃહણીય બનતો ગયેલો. ૧૯૫૫થી ૧૯૮૬: બત્રીસ વર્ષનો દીર્ઘપટ. નિબંધના બત્રીસભોજન થાળ સુરેશભાઈએ પીરસ્યા છે. જીવનના છેલ્લા શ્વાસ સુધી એ નિબંધમાં વસતા રહેલા. નિબંધ એમનામાં અંતિમ ઘડી સુધી શ્વસતો રહેલો, છાપાંની કૉલમોમાં પ્રગટ થયેલા એમના ઘણા નિબંધો હજી અગ્રંથસ્થ છે. આજે એમના છ નિબંધસંગ્રહો પ્રકાશિત છે.

૧. જનાન્તિકે (૧૯૬૫)

૨. ઇદમ્ સર્વમ્ (૧૯૭૧)

૩. અહો બત્ કિમ્ આશ્ચર્યમ્ (૧૯૭૫)

૪. ઇતિ મે મતિ (૧૯૮૭)

૫. રમ્યાણિ વીક્ષ્ય (૧૯૮૭)

૬. પ્રથમ પુરુષ એકવચન (૧૯૮૭)

છેલ્લા ત્રણ નિબંધસંગ્રહો એમનાં મરણોત્તર પ્રકાશનો છે, પણ એમાંના નિબંધોની પસંદગી અને પુસ્તક-શીર્ષકો એમણે જાતે જ પસંદ કરેલાં. ૧૯૮૪માં શિરીષ પંચાલે 'ભાવયામિ'માં 'સુરેશ હ. જોષીના કેટલાક નિબંધો' પ્રસિદ્ધ કરેલા. આ સંપાદનના ચયનમાં એમના ગ્રંથસ્થ-અગ્રંથસ્થ નિબંધોમાંથી ઉત્તમની પસંદગી કરવાનો આગ્રહ રહેલો જણાશે. 'ભાવયામિ'ના એ 'છપ્પન ભોગ' સુરેશ હ. જોષીમાંના નિબંધકારનો અને સર્જકનિબંધનો ગહન અને અમીટ પરિચય કરાવે છે.

સંખ્યાની દૃષ્ટિએ હજારેક નિબંધો આપનારની કલમ એકધારી ચાલે એ તો

અશક્ય ગણાય. વળી છાપાંની કૉલમો માટે થઈને પણ આમાંના ઘણા નિબંધો લખાયેલા છે. જોકે 'જનાન્તિકે'ના નિબંધો એમાં અપવાદરૂપ છે એ નોંધવું પડે. ક્રમશઃ એમના નિબંધોમાં પુનરાવર્તનો, લઢણો, શિથિલતા, શૈલીદાસ્ય જેવી ઘણી મર્યાદાઓ પ્રવેશતી જાય છે, પણ જે તે રચના સુરેશ જોષીની નિબંધરચના હોવાનો અહેસાસ તો અડીખમ રહીને કરાવે છે. એમની નબળી રચનામાં પણ એકાદ કલ્પન, એકાદ વિચારકણ તાજગી કે નવતાથી આપણને ચકિત કરી દે એમ બનતું રહ્યું છે. એમના અભ્યાસોને, તેમ છતાં, એમની મર્યાદાઓ નજરઅંદાઝ કરવાનું પાલવે નહીં. પણ ગુજરાતીમાં કાલેલકર પછી નિબંધને જુદી જ ભોંય પરથી જુદી જ ભૂમિકાથી, વૈપુલ્ય સાથે ભરીભરી ગુણવત્તાથી સુરેશ જોષીએ સરજ્યો છે, સંવાર્યો છે. આ દિશામાં એમને મળેલી સફળતા સિદ્ધિ બને છે. સુરેશ જોષીના આ નિબંધો આ બધા સંદર્ભોમાં આપણા નિબંધ સાહિત્યની વિરલ ઘટના ગણાવા ઘટે.

એમના નિબંધ સાહિત્યને એના વિશેષ સંદર્ભે, વિવિધ પરિપ્રેક્ષ્યમાં જોવા-તપાસવાનો આ ઉપક્રમ આસ્વાદલક્ષી રહીને મૂલ્યાંકનતરફી બની રહે એવી આ લખનારની નેમ છે.